
# જૈન બાળપોથી

## ભાગ-૨



ભગવાન શ્રી મહાવીરસ્વામી






ભરતક્ષેત્રના મહાસમર્થ આચાર્ય
ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ


પ્રકાશક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

ભગવાનશ્રી કુંદકુંદકહાનજૈનશાસ્ત્રમાળા, પુષ્પ નં.–૧૧૬

જય જિનેન્દ્ર

# જૈન બાળપોથી

## [ ભાગ બીજો ]

मंगलं भगवान वीरो, मंगलं गौतमो गणी ।
मंगलं कुन्दकुन्दार्यो, जैन धर्मोऽस्तु मंगलं ॥

आत्मा ज्ञानं स्वयं ज्ञानं, ज्ञानादन्यत्करोति किम् ।
परभावस्य कर्तात्मा, मोहोऽयं व्यवहारिणाम् ॥

अज्ञानतिमिरान्धानां, ज्ञानाञ्जनशलाकया ।
चक्षुरुन्मीलितं येन, तस्मै श्री गुरवे नमः ॥

| | | | |
|---|---|---|---|
| પ્રથમ આવૃત્તિ | : | પ્રત ૨૦૦૦૦ | વિ. સં. ૨૪૯૬ |
| દ્વિતીય આવૃત્તિ | : | પ્રત ૫૦૦૦ | વિ. સં. ૨૫૦૨ |
| તૃતીય આવૃત્તિ | : | પ્રત ૩૦૦૦ | વિ. સં. ૨૫૧૬ |
| ચતુર્થ આવૃત્તિ | : | પ્રત ૫૦૦૦ | વિ. સં. ૨૫૨૦ |
| પંચમ આવૃત્તિ | : | પ્રત ૩૦૦૦ | વિ. સં. ૨૫૩૫ |


**જૈન બાલપોથી ભાગ—૨ (ગુજરાતી)ના**

*** સ્થાયી પ્રકાશન—પુરસ્કર્તા ***

**શ્રીમતી હંસાબેન લલીતચંદ દોશીના સ્મરણાર્થે, સુરેન્દ્રનગર**
**હસ્તે લલીતચંદ ન્યાલચંદ દોશી, નીતીનભાઈ, તેજસભાઈ (પુત્રો)**
**લીનાબેન, અલ્પાબેન (પુત્રવધૂ) દર્શન, મોનીત (પૌત્ર), અર્પી (પૌત્રી)**


આ શાસ્ત્રની પડતર કિંમત રૂા ૧૧=૦૦ થાય છે. અનેક મુમુક્ષુઓની આર્થિક સહાયથી આ આવૃત્તિની કિંમત રૂા ૧૦=૦૦ થાય છે. તેમાંથી ૫૦% શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ હસ્તે સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર તરફથી કિંમત ઘટાડવામાં આવતા આ શાસ્ત્રની કિંમત રૂા ૫=૦૦ રાખવામાં આવી છે.

**કિંમત રૂા. ૫=૦૦**


: મુદ્રક :

**કહાન મુદ્રણાલય**
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)
✆ : (02846) 244081

# શ્રી જિન-સ્તવન



ઘડી ધન આજકી યે હી, સરા સબ કાજ મો મનકા;
ગયે અઘ દૂરિ સબ ભજકે, લખા મુખ આજ જિનવરકા.

વિપત્તિ નાસી સબ મેરી, ભરા ભંડાર સમ્પત્તિકા;
સુધાકે મેઘ હુ બરસે, લખા મુખ આજ જિનવરકા.

ભઈ પરતીત હૈ મેરે, સહી હો દેવ દેવનકે;
કટી મિથ્યાત્વકી ડોરી, લખા મુખ આજ જિનવરકા.

વિરદ ઐસા સુના મેં તો જગતકે પાર કરનેકા;
સેવક આનંદ હૂ પાયો, લખા મુખ આજ જિનવરકા.

# ✻ કહાનગુરુ–મહિમા ✻

દ્રવ્ય સકળની સ્વતંત્રતા જગમાંહી ગજાવનહારા,
વીરકથિત સ્વાત્માનુભૂતિનો પંથ પ્રકાશનહારા;
—ગુરુજી! જન્મ તમારો રે,
જગતને આનંદ કરનારો.

❀

પાવન-મધુર અદ્ભુત અહો! ગુરુવદનથી અમૃત ઝર્યાં,
શ્રવણો મળ્યાં સદ્ભાગ્યથી, નિત્યે અહો! ચિદ્રસભર્યાં;
ગુરુદેવ તારણહારથી આત્માર્થી ભવસાગર તર્યાં,
ગુણમૂર્તિના ગુણગણ તણાં સ્મરણો હૃદયમાં રમી રહ્યાં.

સહજ ચિદાનંદ.

❀

સ્વર્ણપુરે ધર્માયતનો સૌ ગુરુગુણકીર્તન ગાતાં;
સ્થળ-સ્થળમાં 'ભગવાન આત્મ'ના ભણકારા સંભળાતા;
—કણ કણ પુરુષારથ પ્રેરે,
ગુરુજી આતમ અજવાળે.

[—પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન]

❀

# પ્રકાશકીય નિવેદન

રત્નત્રયરૂપ ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે; અને તે પ્રાપ્ત કરવા આત્માની ઊંડી રુચિ જાગૃત થવી જોઈએ. આ કાળે નિજ-કલ્યાણાર્થી જીવોમાં આત્માની ઊંડી રુચિની જાગૃતિનો બધો યશ પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીને ફાળે જ છે. તેમની જ મંગલ પ્રેરણાથી બાળકો માટેના ગ્રીષ્મકાલીન ધાર્મિકશિક્ષણવર્ગ શરૂ થયા. બાળકોમાં રુચિ જાગૃત થાય તે માટે જ આ બાળપોથી પણ છપાયેલ. આ પ્રકાશન ઘણા સમયથી અપ્રાપ્ય હોવાથી, અધ્યાત્મઅતિશય-સાધનાતીર્થ શ્રી સોનગઢમાં પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીની તેમજ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર ઉપકારછાયામાં પ્રવર્તમાન દેવગુરુભક્તિભીની અનેક ગતિવિધિના અંગભૂત પ્રકાશન-વિભાગ દ્વારા, તેની આ ચોથી આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવે છે. આ પ્રકાશન બાળકોને આત્માની ઉંડી રુચિ જાગૃત કરવામાં જરૂર મદદરૂપ થશે.

સહજ ચિદાનંદ.

પૂજ્ય બહેનશ્રીની ૯૬મો જન્મજયંતી મહોત્સવ
(શ્રાવણ વદ ૨)
તા. ૭-૮-૦૯

સાહિત્યપ્રકાશનસમિતિ
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ (સૌરાષ્ટ્ર)

# આ પુસ્તકમાં શું વાંચશો?


વંદના : કરું નમન હું અરિહંતદેવને.....
મંગલ-પ્રાર્થના (અરિહંત મારા દેવ છે)
પાઠ ૧ પંચ પરમેષ્ઠી
પાઠ ૨ ચાર મંગલ
પાઠ ૩ આપણા તીર્થંકર
પાઠ ૪ ભગવાન ઋષભદેવ
પાઠ ૫ સો રાજકુમારની વાર્તા (ભાગ ૧)
(જીવ-અજીવની સમજણ)
પાઠ ૬ સો રાજકુમારની વાર્તા (ભાગ ૨)
પાઠ ૭ જિનવર-દર્શન
(જિનકુમાર અને રાજકુમારની વાર્તા)
પાઠ ૮ જૈનોનું જીવન કેવું હોય?
પાઠ ૯ ચાર ગતિ અને મોક્ષ
પાઠ ૧૦ મારો જૈનધર્મ (કાવ્ય)
પાઠ ૧૧ પહેલી ચોપડીનો એક પાઠ
પાઠ ૧૨ વીર પ્રભુનાં સૌ સંતાન,
છે તૈયાર.....છે તૈયાર
પરીક્ષાનાં પ્રશ્નો

# મંગલ-પ્રાર્થના




અરિહંત મારા દેવ છે,
સાચા એ વીતરાગ છે,
જગતને એ જાણે છે,
મુક્તિમાર્ગ દેખાડે છે...અરિહંત૦

જ્યાં સમ્યક્ દર્શન-જ્ઞાન છે,
ચારિત્ર વીતરાગ છે,
એવો મુક્તિ-મારગ છે,
મારા પ્રભુ દેખાડે છે....અરિહંત૦

અરિહંત તો શુદ્ધ-આત્મા છે,
હું પણ એના જેવો છું,
અરિહંત જેવો આત્મા જાણી,
મારે અરિહંત થાવું છે...અરિહંત૦

સહજ ચિદાનંદ.

# વંદના



કરું નમન હું અરિહંતદેવને.

કરું નમન હું સિદ્ધભગવંતને.

કરું નમન હું આચાર્યદેવને.


કરું નમન હું ઉપાધ્યાયદેવને.

કરું નમન હું સર્વે સાધુને.

પરમેષ્ઠીપંચ પ્રભુ મને બહુ ઈષ્ટ છે.

[ પાઠ ૧ ]

# પંચ પરમેષ્ઠી




બાળકો! કહો, તમને શું થવાનું ગમે?
અમને રાજા થવું ન ગમે;
અમને ઈન્દ્ર થવું ન ગમે;
અમને તો ભગવાન થવું ગમે.
અમને અરિહંત થવું ગમે છે. (૧)
અમને સિદ્ધ થવું ગમે છે. (૨)
અમને આચાર્ય થવું ગમે છે. (૩)
અમને ઉપાધ્યાય થવું ગમે છે. (૪)
અમને સાધુ થવું ગમે છે. (૫)
–આ પાંચ આપણા પરમેષ્ઠી ભગવાન છે;
તેઓ વીતરાગ–વિજ્ઞાન વડે પરમેષ્ઠી થયા છે,
અને આપણને પણ વીતરાગ-વિજ્ઞાનનો ઉપદેશ આપ્યો છે.

આપણને જે વહાલા હોય તેમને હરરોજ યાદ કરવા જોઈએ. અને હરરોજ તેમને નમસ્કાર કરવા જોઈએ.

પંચપરમેષ્ઠી આપણને બહુ વહાલા છે; તેઓ આત્માના પરમ શુદ્ધસ્વરૂપમાં સ્થિર થયા છે, તેથી પરમેષ્ઠી છે. આપણે પણ એવા થવાનું છે; તેથી તેમને યાદ કરીને નમસ્કાર કરીએ છીએ—

णमो अरिहंताणं ।
णमो सिद्धाणं ।
णमो आयरियाणं ।
णमो उवज्झायाणं ।
णमो लोए सव्वसाहूणं ।

આ સૂત્રને પંચ-નમસ્કાર મંત્ર કહેવાય છે.

બંધુઓ, જિનમંદિરમાં દર્શન કરતી વખતે હરરોજ આ મંત્ર બોલજો, તથા સવાર–સાંજ સ્તુતિ વડે પણ પંચ પરમેષ્ઠી ભગવાનને યાદ કરજો.



કરું નમન હું અરિહંતદેવને, પરમેષ્ઠી–પંચ પ્રભુ મને બહુ ઈષ્ટ છે.
કરું નમન હું સિદ્ધ ભગવંતને, પરમેષ્ઠી–પંચ પ્રભુ મને બહુ ઈષ્ટ છે.
કરું નમન હું આચાર્યદેવને, પરમેષ્ઠી–પંચ પ્રભુ મને બહુ ઈષ્ટ છે.
કરું નમન હું સિદ્ધ ઉપાધ્યાયદેવને, પરમેષ્ઠી–પંચ પ્રભુ મને બહુ ઈષ્ટ છે.
કરું નમન હું સર્વે સાધુને, પરમેષ્ઠી–પંચ પ્રભુ મને બહુ ઈષ્ટ છે.

*

[ પાઠ ૨ ]

# ચાર મંગલ



એક ધર્મમાતાને ત્રણ પુત્રો હતા.
તેમનાં નામ—મંગલકુમાર, ઉત્તમકુમાર, શરણકુમાર.
માતાજીએ તે ત્રણેયને એકવાર નીચે મુજબના ત્રણ પ્રશ્નો પૂછ્યા—

(૧) બોલો મંગલકુમાર, આ જગતમાં કઈ ચાર વસ્તુઓ મંગલરૂપ છે?

મંગલકુમારે કહ્યું : અરિહંત ભગવાન, સિદ્ધ ભગવાન, સાધુ મુનિરાજ અને રત્નત્રયધર્મ—આ ચાર મંગલરૂપ છે.

(૨) માતાજીએ કહ્યું : બહુ સારું; હવે ઉત્તમકુમાર, તમો કહો કે કઈ ચાર વસ્તુઓ લોકમાં ઉત્તમ છે?

ઉત્તમકુમારે કહ્યું : બા! આ લોકમાં અરિહંત ભગવાન, સિદ્ધ ભગવાન, સાધુ મુનિરાજ અને રત્નત્રયધર્મ—એ ચાર ઉત્તમ છે.

(૩) હવે માતાજીએ ત્રીજો પ્રશ્ન શરણકુમારને પૂછ્યો : બેટા, આ સંસારમાં જીવને કઈ ચાર વસ્તુઓ શરણરૂપ છે?

શરણકુમાર ઉપરનું ચિત્ર જોઈને કહ્યું : મા, આ સંસારમાં અરિહંત ભગવાન, સિદ્ધ ભગવાન, સાધુ મુનિરાજ અને રત્નત્રયધર્મ—એ ચાર આપણને શરણ છે.

માતા કહે : બાળકો! આજ તમે બહુ સારી વાત સમજ્યા; એ ચારેયને જીવનમાં કદી ભૂલશો નહીં. તેઓએ આત્મજ્ઞાન અને વીતરાગતા પ્રગટ કરી તેથી તેઓ મંગળ થયા; આપણે એમ કરીએ તો આપણે પણ મંગળ થઈએ. આ સંબંધમાં નીચેનો મંત્ર એકસાથે બોલો, ને મોઢે કરો—




चत्तारि मंगलं—

१. अरिहन्ता मंगलं ।
२. सिद्धा मंगलं ।
३. साहू मंगलं ।
४. केवलिपण्णत्तो धम्मो मंगलं ॥

चत्तारि लोगुत्तमा—

१. अरिहन्ता लोगुत्तमा ।

२. सिद्धा लोगुत्तमा ।

३. साहू लोगुत्तमा ।

४. केवलिपण्णत्तो धम्मो लोगुत्तमा ॥

चत्तारि सरणं पव्वज्जामि—

१. अरिहन्ते सरणं पव्वज्जामि ।

२. सिद्धे सरणं पव्वज्जामि ।

३. साहू सरणं पव्वज्जामि ।

४. केवलिपण्णतं धम्मं शरणं पव्वज्जामि ॥



## [ પાઠ ૩ ]




વીતરાગ સર્વજ્ઞ થઈને જેઓ ધર્મતીર્થના ઉપદેશ દે છે તેઓ આપણા તીર્થંકર છે. આપણી આ ભરતભૂમિમાં અસંખ્ય વર્ષો પહેલાં ભગવાન ઋષભદેવ થયા; તેમણે ધર્મનું સાચું સ્વરૂપ સમજાવીને ભવસમુદ્રથી તરવાનો ઉપાય બતાવ્યો, તેથી તે આપણા પહેલા તીર્થંકર થયા. ભરત-ચક્રવર્તી તેમના પુત્ર હતા. ભગવાનનો જન્મ અયોધ્યાનગરીમાં થયો હતો, તેથી અયોધ્યા આપણું મહાન તીર્થ છે.

ઋષભદેવ તીર્થંકરની પછી અસંખ્ય વર્ષોમાં બીજા ૨૩ તીર્થંકરો થયા, તેમાં છેલ્લા તીર્થંકર મહાવીર ભગવાન હતા; તે આપણા ચોવીસમાં તીર્થંકર હતા; તેમણે રાજગૃહીમાં વિપુલાચલ ઉપર જે ધર્મતીર્થનો ઉપદેશ દીધો તે આજે પણ ચાલી રહ્યો છે, અને હજી હજારો વર્ષો સુધી ચાલશે.

તીર્થંકર ભગવંતોએ મોક્ષનો માર્ગ બતાવ્યો છે. બધાય તીર્થંકર ભગવાને એકસરખો જ મોક્ષનો માર્ગ બતાવ્યો છે. આપણા આત્માને ઓળખીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરવા તે મોક્ષનો માર્ગ છે, તેને જ જૈનધર્મ કહેવાય છે. જૈનધર્મ એટલે વીતરાગધર્મ, તે સૌથી ઊંચો છે. ભગવાને બતાવેલો આવો માર્ગ

આપણને મહાન ભાગ્યથી મળ્યો છે, માટે આપણે આત્માને ઓળખીને વીતરાગભાવ કરવો જોઈએ.

આપણા ચૌવીસ તીર્થંકરમાં, પહેલા ઋષભદેવ અને છેલ્લા મહાવીર—એ બે તીર્થંકરના નામ તો તમે જાણ્યા; હવે વચ્ચેના ૨૨ તીર્થંકરોનાં નામ જાણવાનું પણ તમને મન થાતું હશે.—તો તે પણ વાંચો, અને આ ૨૪ તીર્થંકરોના નામ મોઢે કરો.—

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | ઋષભદેવ | (૨) | અજિતનાથ | (૩) | સંભવનાથ |
| (૪) | અભિનંદન | (૫) | સુમતિનાથ | (૬) | પદ્મપ્રભ |
| (૭) | સુપાર્શ્વનાથ | (૮) | ચંદ્રપ્રભ | (૯) | સુવિધિનાથ |
| (૧૦) | શીતલનાથ | (૧૧) | શ્રેયાંસનાથ | (૧૨) | વાસુપૂજ્ય |
| (૧૩) | વિમલનાથ | (૧૪) | અનંતનાથ | (૧૫) | ધર્મનાથ |
| (૧૬) | શાંતિનાથ | (૧૭) | કુંથુનાથ | (૧૮) | અરનાથ |
| (૧૯) | મલ્લિનાથ | (૨૦) | મુનિસુવ્રત | (૨૧) | નમિનાથ |
| (૨૨) | નેમિનાથ | (૨૩) | પાર્શ્વનાથ | (૨૪) | મહાવીર |

ભારતમાં મુંબઈ, ચન્દેરી, સમ્મેદશિખર, શ્રવણબેલગોલા, મૂડબિદ્રિ, જયપુર વગેરે અનેક સ્થળે આપણા ચોવીસે તીર્થંકરોની મૂર્તિ એક સાથે બિરાજમાન છે; તેમનાં દર્શનથી આનંદ થાય છે. તમે કોઈવાર તેમનાં દર્શન જરૂર કરજો.

આપણા બધા તીર્થંકરોનું જીવન ઘણું ઊંચું છે; એમનું જીવન વીતરાગી જીવન છે, ને વીતરાગી જીવન તે જ ઊંચું જીવન છે; મોટા થઈને તમે ચોવીસે તીર્થંકરોનું જીવનચરિત્ર જરૂર વાંચજો; તે વાંચવાથી તમને ધર્મની ભાવના જાગશે.


બંધુઓ, આજે એ તીર્થંકરો તો આપણી સામે નથી, પરંતુ

તેમણે દેખાડેલું ધર્મતીર્થ આજ પણ જ્ઞાની-ધર્માત્માઓ દ્વારા આપણને મળી રહ્યું છે; ભગવાને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ બતાવ્યો છે, તેની આપણે ઉપાસના કરવી જોઈએ. આ રીતે ભગવાનને કહેલા તીર્થને સમજીને તેની ઉપાસના કરવી તે આપણું કર્તવ્ય છે. એમ કરવાથી આપણે પણ એક દિવસે ભગવાન બનશું.


❊ ❊ ❊

ચોવીસ તીર્થંકર ભગવંતોનાં ચિહ્ન નીચે મુજબ છે—

બળદ હાથી ને ઘોડલો, બંદર ચકવો પદ્મ,
સ્વસ્તિક ચંદ્ર ને મગર છે, કલ્પવૃક્ષ ગેંડો ભેંસ,
ભૂંડ શાહૂડી વજ્ર છે, હરણ બકરું મીન,
કળશ કાચબો ને કમળ, શંખ સર્પ ને સિંહ.



# ચોવીસ તીર્થંકરોનાં લાંછન



ચોવીસ લક્ષણ પ્રભુતણાં, મંગલકારી જાણ,
પણ ચૈતન્યચિહ્ન આત્મનું એને સાચું માન.
ચેતન-લક્ષણ જાણતાં આત્મસ્વરૂપ જણાય,
નિજસ્વરૂપને જાણતાં ઝટ કેવળજ્ઞાન પમાય.

[ પાઠ ૪ ]




એ તો તમને ખબર છે કે આપણા ૨૪ તીર્થંકરોમાં સૌથી પહેલું નામ ભગવાન ઋષભદેવનું છે. તેઓ અસંખ્ય વર્ષ પહેલાં આપણી આ ભરતભૂમિમાં થયા; અને તેમણે જ સૌથી પહેલાં ધર્મનો ઉપદેશ આપીને ભરતક્ષેત્રમાં મોક્ષના દરવાજા ખોલ્યા.

બધાય દેશોમાં આપણા આ ભારતદેશનું એ ખાસ ગૌરવ છે કે બધાય તીર્થંકર ભગવંતોનો અવતાર ભારતદેશમાં જ થાય છે. ભગવાન ઋષભદેવ પણ ભારતની અયોધ્યા નગરીમાં ફાગણ વદ નોમના દિવસે જન્મ્યા હતા; તેથી અયોધ્યા નગરી ભારતદેશનું મહાન તીર્થ છે.


ભગવાન ઋષભદેવનો જીવ પહેલેથી ભગવાન ન હતો; પહેલાં તો તે પણ આપણી જેમ સંસારમાં હતો; તેને આત્માનું જ્ઞાન પણ ન હતું. દશ ભવ પહેલાં તે જીવ મહાબલ નામનો

રાજા હતો, ત્યારથી તેને ધર્મનો પ્રેમ જાગ્યો અને આત્મસ્વરૂપ સમજવાની જિજ્ઞાસા થઈ.



ત્યારપછી જ્યારે તે વજ્રજંઘ નામનો રાજા થયો ત્યારે તેણે પોતાની શ્રીમતી રાણી સાથે ઘણી ભક્તિથી બે મુનિવરોને આહારદાન દીધું. તે પ્રસંગ દેખીને નોળિયું, સિંહ, ભૂંડ અને વાંદરો ચારે પ્રાણીઓ પણ બહુ ખુશી થયા; ને આગળ જતાં તેઓ ઋષભદેવ પ્રભુના જ પુત્રો થઈને મોક્ષ ગયા.

ત્યારપછી મુનિઓને આહારદાન દેવાના ફળમાં ભગવાન ઋષભદેવનો તે જીવ ભોગભૂમિમાં મનુષ્ય થયો. બીજા બધા જીવો પણ ત્યાં જ જન્મ્યા. તે ભોગભૂમિમાં સ્વર્ગ જેવું સુખ છે.



એકવાર પ્રીતિકર નામના મુનિરાજ, કે જેઓ આકાશમાં ચાલતા હતા, તેઓ આ ભોગભૂમિમાં આવ્યા, અને ઘણો જ ઉપદેશ દઈને ભગવાનના જીવને આત્મસ્વરૂપ સમજાવ્યું; તે સમજીને ભગવાનના જીવે તે જ વખતે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું. સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી તે જીવને બહુ જ આનંદ થયો, અને તેણે મુનિઓની ઘણી ભક્તિ કરી. બીજા પાંચે જીવો પણ આત્માને ઓળખીને સમ્યક્દર્શન પામ્યા.

ત્યારપછી, છેલ્લેથી ત્રીજા ભવમાં ભગવાનનો જીવ વિદેહક્ષેત્રમાં વજ્રનાભી–ચક્રવર્તી થયો. તે વખતે તેના પિતા પણ તીર્થંકર હતા. ચક્રવર્તી હોવા છતાં પણ ભગવાનનો આત્મા જાણતો હતો કે આ ચક્રવર્તીરાજમાં મારું સુખ નથી, સુખ તો રત્નત્રયમાં છે. તેથી ચક્રવર્તીનું રાજ છોડીને તે મુનિ થયા હતા અને રત્નત્રયનું ઉત્તમ પાલન કરીને સર્વાર્થસિદ્ધ દેવ થયા હતા.

ત્યાંથી તેઓ અયોધ્યાપુરીમાં નાભિરાજા અને મરુદેવી–માતાના પુત્ર તરીકે અવતર્યા,—એ જ આપણા ભગવાન ઋષભદેવ. ભગવાનનો જન્મ થતાં જ ઈન્દ્રોએ અયોધ્યા આવીને મોટો ઉત્સવ કર્યો.

જે વખતે ભગવાનનો અવતાર થયો તે વખતે આ ભરતક્ષેત્રમાં ત્રીજો આરો ચાલતો હતો, લોકોને બધી વસ્તુઓ કલ્પવૃક્ષ પાસેથી મળી જતી; પરંતુ પછી જ્યારે ચોથો આરો શરૂ થયો અને કલ્પવૃક્ષ નષ્ટ થવા લાગ્યા, ત્યારે ભગવાને અનાજ વગેરે દ્વારા જીવનનિર્વાહની રીત લોકોને શીખવી, તથા બીજી પણ અનેક વિદ્યાઓ શીખવી અને ભરતક્ષેત્રમાં રાજવ્યવસ્થા ચલાવી. ભગવાનનું જીવન પણ ઘણું જ પવિત્ર

હતું. હિંસા, જૂઠું કે ચોરી એવું કોઈ પાપ તેમના જીવનમાં ન હતું; તેમને આત્માનું જ્ઞાન હતું.

ભગવાન ઋષભદેવ જ્યારે રાજા હતા ત્યારે તેમને બે રાણીઓ હતી અને ૧૦૧ પુત્રો હતો, તેમાં ભરતચક્રવર્તી સૌથી મોટા અને બાહુબલી સૌથી નાના. આ ઉપરાંત બ્રાહ્મી અને સુન્દરી નામની બે પુત્રીઓ હતી ભગવાને તે બધાને ઉત્તમ ધાર્મિક જ્ઞાન આપ્યું તથા બધા પ્રકારની વિદ્યાઓ ભણાવી.

એમ કરતાં ઘણો કાળ વીતી ગયો; એકવાર ફાગણ વદ નોમના દિવસે જ્યારે ભગવાનનો જન્મોત્સવ ઉજવાતો હતો ત્યારે મોટો રાજદરબાર ભરાયો હતો, અનેક રાજાઓ આવીને ભગવાનને અભિનંદન દેતા હતા અને ઉત્તમ વસ્તુઓ ભેટ ધરતા હતા. દેવ-દેવીઓ આવીને ભક્તિથી નૃત્ય કરતા હતા. નીલાંજના નામની એક દેવી બહુ મજાનું નૃત્ય કરી રહી હતી; એવામાં એકાએક નૃત્ય કરતાં કરતાં જ તે દેવીનું આયુષ્ય પૂરું થઈ ગયું એટલે તે મૃત્યું પામી. દેહની આવી ક્ષણભંગુરતા જોતાં જ ભગવાનનું મન સંસારથી વિરક્ત થઈ ગયું, અને તેઓ દીક્ષા લઈને મુનિ થઈ ગયા. ભગવાનની દીક્ષા વખતે પણ ઈન્દ્રોએ મોટો ઉત્સવ કર્યો. અત્યારસુધી અસંખ્ય વર્ષોથી ભરતક્ષેત્રમાં કોઈ મુનિ ન હતાં; ભગવાન ઋષભદેવ જ સૌથી પહેલા મુનિ થયા.


મુનિ થઈને ભગવાને ઘણું આત્મધ્યાન કર્યું; છ મહિના સુધી તો ધ્યાનમાં જ સ્થિર ઊભા રહ્યા; ત્યારપછી પણ સાતેક મહિના સુધી ઋષભમુનિરાજે ઉપવાસ જ કર્યા, કેમકે મુનિને કઈ રીતે આહારદાન દેવું તેની વિધિ કોઈ જાણતું ન હતું. આ પ્રમાણે

એક વર્ષથી પણ વધુ કાળ ભોજન વગર વીતી ગયો; પરંતુ ભગવાનને કાંઈ કષ્ટ ન હતું. તેઓ તો આત્મધ્યાન કરતા હતા ને આનંદના અનુભવમાં મશગૂલ રહેતા હતા.—આને જ વર્ષીતપ કહેવાય છે.



છેવટે વૈશાખ સુદ ત્રીજના દિવસે ઋષભમુનિ હસ્તિનાપુર પધાર્યા. ભગવાનને દેખતાં જ ત્યાંના રાજકુમાર શ્રેયાંસને ઘણો જ આનંદ થયો અને પોતાના પૂર્વ ભવનું જ્ઞાન થઈ ગયું; તેમને યાદ આવ્યું કે આ ભગવાનની સાથે આઠમાં ભવમાં મેં મુનિઓને આહારદાન દીધું હતું. બસ, એ યાદ આવતાં જ ઘણી ભક્તિથી તેણે મુનિરાજને નિમંત્રણ કર્યું અને મન-વચન-કાયાની શુદ્ધિપૂર્વક નવધા ભક્તિ સહિત ભગવાનને શેરડીના રસથી પારણું કરાવ્યું. મુનિ થયા પછી ભગવાને આ પહેલી જ વાર ભોજન કર્યું, તેથી તે દેખીને લોકો બહુજ આનંદિત થયા. દેવોએ પણ આકાશમાં વાજાં વગાડીને મોટો ઉત્સવ કર્યો. ત્યારથી એ દિવસ 'અક્ષયત્રીજ'ના પર્વ તરીકે આજે પણ ઉજવાય છે.

ભગવાન તો પાછી પોતાના આત્મધ્યાનમાં લાગી ગયા, તેમને તો બસ, આત્માનું ધ્યાન કરવું–એ જ એક કામ હતું, બીજું કોઈ કામ ન હતું. ધ્યાન કરતાં કરતાં પ્રયાગ–ક્ષેત્રમાં ભગવાનને



કેવળજ્ઞાન થયું, ત્યારે ત્યાં ઘણો મોટો ઉત્સવ થયો, તેથી તે પ્રયાગ પણ તીર્થ બની ગયું. કેવળજ્ઞાન થયું એટલે ભગવાન ઋષભદેવ અરિહંત થયા. તીર્થંકર થયા. દેવો અને મનુષ્યો, પશુ અને પંખી, બધાય તેમનો ઉપદેશ સાંભળવા ધર્મસભામાં આવ્યા. ભગવાને જૈનધર્મનો ઉપદેશ દીધો; આત્માનું સ્વરૂપ સમજાવ્યું અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો બોધ આપ્યો. તે સાંભળીને બધાય જીવોને અપાર હર્ષ થયો; ઘણાય જીવો આત્માને સમજ્યા, ઘણા જીવો મુનિ થયા અને ઘણા જીવો મોક્ષ પામ્યા. ભગવાનના બધા પુત્રો પણ મોક્ષગામી થયા. આ પ્રમાણે ભરતક્ષેત્રમાં ભગવાન ઋષભદેવે મોક્ષનો દરવાજો ખુલ્લો કર્યો, તેથી તેઓ આપણા આદિ-તીર્થંકર કહેવાયા.


ઘણા કાળ સુધી ધર્મનો ઉપદેશ દઈને ભગવાન ઋષભદેવ કૈલાસપર્વત ઉપર પધાર્યા અને પોષ વદ ૧૪ની સવારમાં મોક્ષ પધાર્યા; સંસારથી છૂટીને ભગવાન સિદ્ધ થયા. સિદ્ધલોકમાં તેઓ પૂર્ણ આનંદમાં બિરાજી રહ્યા છે; તેમને નમસ્કાર હો.

ભગવાને જેવી આત્મસાધના કરી તેવી આપણે પણ કરવી જોઈએ.

[ પાઠ ૫ ]

# સો રાજકુમારની વાર્તા

## [જીવ અને અજીવની સમજણ]



બંધુઓ, સો રાજકુમારોની આ નાનકડી વાર્તામાં તમને જીવ-અજીવ વસ્તુની સમજણ આપવામાં આવી છે, તે તમે સમજજો અને તમે પણ તે રાજકુમારો જેવા ધર્માત્મા બનજો.

ઋષભદેવ ભગવાનના જમાનાની આ વાત છે. જ્યારે ઋષભદેવ તીર્થંકર આપણી આ ભરતભૂમિમાં વિચરતા હતા, તે વખતે તેમના પુત્ર ભરતચક્રવર્તી આ ભરતક્ષેત્ર પર રાજ્ય કરતા હતા, અને જૈનધર્મની ઘણી જાહોજલાલી હતી. કેટલાય કેવળીભગવંતો, મુનિવરો અને ધર્માત્માઓ આ ભૂમિમાં વિચરતા હતા.

ભરતમહારાજાને અનેક પુત્રો હતા; ઈન્દ્ર જેવું તેમનું રૂપ હતું પરંતુ તેઓ જાણતા હતા કે આ રૂપ તો શરીરનું છે, આત્માની શોભા તેના વડે નથી, આત્માની શોભા તો ધર્મથી છે. ભરતના

રાજકુમારો ધર્મી હતા, આત્માને જાણનારા હતા અને મોક્ષગામી હતા.

એકવાર નાની ઉંમરના ૧૦૦ રાજપુત્રો વનમાં રમવા ગયા. રમત રમનારા તે રાજકુમારો જ્ઞાની અને વૈરાગી હતા. ગેડી–દડાની રમત રમતાં પણ તેઓને એવો વિચાર આવતો હતો કે અરે, મોહરૂપી લાઠીનો માર ખાઈ ખાઈને દડાની જેમ આ જીવ સંસારની ચારે ગતિમાં ઘણું ભટક્યો; હવે તો આત્મસાધના પૂરી કરીને જલદી આ સંસારથી છૂટીએ. અમારા દાદા ૠષભદેવ તો કેવળજ્ઞાની તીર્થંકર છે, પિતાજી પણ આ ભવમાં મોક્ષ પામવાના છે, અને અમારે પણ આ જ ભવમાં મુક્ત થઈને ભગવાન બનવાનું છે.

જુઓ તો ખરા, નાના નાના બાળકો રમતાં રમતાં પણ કેવી મજાની ભાવના ભાવે છે! ધન્ય છે તેમને.

રમત પૂરી થતાં બધા રાજકુમારો ત્યાં જ ધર્મચર્ચા કરવા લાગ્યા. સૌથી મોટા કુંવરનું નામ રવિકીર્તિરાજ હતું, અને નાના કુંવરનું નામ સૂર્યકીર્તિરાજ હતું. તેને ધર્મચર્ચાનો એવો રસ હતો કે આખો દિ' ધર્મચર્ચા કરે તોય થાકે નહિ. મોટા ભાઈ તેને સવાલો પૂછતા હતા અને તે તેના જવાબ દેતા હતા; બીજા બધા કુમારો સાંભળતા હતા. ઘણા આનંદથી ચર્ચા ચાલતી હતી :–

મોટા કુંવરે પૂછ્યું : આ ગેડી–દડાની રમતમાં આપણને કેટલું સુખ મળ્યું?

નાના કુંવરે જવાબ આપ્યો : તેમાંથી આપણને સુખ મળે નહીં.

પ્રશ્ન :—રમતમાં આપણને મજા તો પડી?

ઉત્તર :—એ તો રાગની મજા હતી; કાંઈ આત્માનો સાચો આનંદ તે ન હતો.

પ્રશ્ન :—ગેડી-દડામાંથી સુખ કેમ ન આવે?

ઉત્તર :—કેમકે તેનામાં સુખ છે જ નહીં.

પ્રશ્ન :—તેનામાં સુખ કેમ નથી?

ઉત્તર :—કેમકે તે અજીવ છે, અજીવમાં સુખ હોતું નથી.

પ્રશ્ન :—તો સુખ શેમાં છે?

ઉત્તર :—સુખ જીવમાં છે.

પ્રશ્ન :—જીવ અને ગેડી-દડો, તેમનામાં શું ફેર છે?

ઉત્તર :—જીવમાં જ્ઞાન છે, ગેડી-દડામાં જ્ઞાન નથી.

પ્રશ્ન :—તો શું જગતમાં બે જાતની વસ્તુઓ છે?

ઉત્તર :—હા; એક જ્ઞાનવાળી, અને બીજી જ્ઞાન વગરની, એમ બે જાતની વસ્તુઓ છે.

**જે વસ્તુ જ્ઞાનવાળી હોય તેને 'જીવ' કહેવાય છે.**
**જે વસ્તુ જ્ઞાન વગરની હોય તેને 'અજીવ' કહેવાય છે.**

રવિકીર્તિ : જીવવસ્તુમાં જ્ઞાન સિવાય બીજું કાંઈ છે?

સૂર્યકીર્તિ : જી હા; જીવમાં જ્ઞાનની સાથે સુખ છે, અસ્તિત્વ છે, શ્રદ્ધા છે, ચારિત્ર છે; એવા તો અપાર ગુણો જીવમાં છે.

રવિકીર્તિ : આ ગેડી-દડો તો અજીવ વસ્તુ છે, તેનામાં જ્ઞાન નથી, તો શું બીજું કાંઈ તેનામાં હશે?

સૂર્યરાજ : હા, તેનામાં પણ ગુણ હોય છે; કેમકે-


**જીવ કે અજીવ દરેક વસ્તુમાં ગુણોનો સમૂહ હોય છે. ગુણોના સમૂહને જ વસ્તુ કહેવાય છે.**

આ પ્રમાણે જીવ-અજીવની ચર્ચાથી બધા રાજકુમારો બહુ ખુશી થયા અને એનું જ રટણ કરતા કરતા ઘર તરફ ચાલ્યા.

બીજા દિવસે શું બન્યું? તે વાત હવેના પાઠમાં વાંચો.

## મોઢે કરો

જીવ સમજવો તેહને જેનામાં હોય જ્ઞાન,
અજીવ જાણો એહને હોય ન જેમાં જ્ઞાન,
જીવ અજીવને જાણીને કરી લો આતમજ્ઞાન,
આતમજ્ઞાનથી પામશો પદવી મોક્ષ મહાન.



[ પાઠ ૬ ]

# સો રાજકુમારોની વાર્તા (ભાગ : ૨)



ચાલો દાદાને દરબાર......ચાલો પ્રભુના દરબાર....

ભરત ચક્રવર્તીના સો રાજકુમારોની કથા ચાલી રહી છે. બીજા દિવસે જ્યારે તે બધા કુમારો વનમાં ભેગા થયા ત્યારે પ્રથમ તો બધાએ સાથે મળીને જિનવરદેવની પ્રાર્થના કરી.—

જેણે કીધી સકલ જનતા નીતિને જાણનારી,
ત્યાગી રાજ્યાદિક વિભવને જે થયા મૌનધારી;
વેતો કીધો સુગમ સબળો મોક્ષનો માર્ગ જેણે,
વંદું છું તે ઋષભજિનને ધર્મધોરી પ્રભુને.

પ્રાર્થના પછી રવિકુમારે કહ્યું : બંધુઓ, કાલે આપણે જીવ-અજીવની ઘણી સરસ ચર્ચા કરી હતી; આજે પણ રમતાં પહેલાં આપણે ધર્મ-ચર્ચા જ કરીશું.

બધાએ કહ્યું : બહુ સારી વાત છે; તત્ત્વચર્ચામાં જે આનંદ આવે છે તે રમતમાં નથી આવતો.

ત્યારે રવિકુમારે અનંગરાજ નામના બીજા કુંવરને કહ્યું : ભાઈ અનંગરાજ! કાલે જીવ-અજીવની જે ચર્ચા થઈ હતી તેનો સાર તમે સંભળાવો.

અનંગરાજે ઊભા થઈને પ્રસન્નતાપૂર્વક કહ્યું—સાંભળો!

જેનામાં ગુણોનો સમૂહ હોય તેને વસ્તુ કહે છે.
વસ્તુ બે જાતની છે : એક જીવ, બીજી અજીવ.
જીવ વસ્તુમાં જ્ઞાન હોય છે; અજીવમાં જ્ઞાન હોતું નથી.
જીવ વસ્તુમાં સુખ હોય છે; અજીવમાં સુખ હોતું નથી.

જીવને ભૂલીને અજીવને પોતાનું માનવું તે અજ્ઞાન છે.
અજ્ઞાનને લીધે, દડાની જેમ જીવ સંસારમાં રખડે છે.
માટે આપણે જીવ-અજીવની ઓળખાણ કરવી જોઈએ,
જેથી સંસારભ્રમણનું દુઃખ મટે ને મોક્ષનું સુખ થાય.

એ વાત પૂરી થતાં બધા રાજકુમારો રમવાની તૈયારી કરતા હતા, એવામાં દૂરથી એક ઘોડેસ્વાર આવતો નજરે પડ્યો.



તે ઘોડેસવારે નજીક આવીને સમાચાર આપ્યા કે હસ્તિનાપુરના રાજા જયકુમારે ઋષભદેવ પ્રભુની પાસે દીક્ષા લઈ લીધી છે અને તેઓ ભગવાનના ગણધર થયા છે. પહેલાં તેઓ

ભરતચક્રવર્તીના સેનાપતિ હતા; પોતાના માત્ર છ વર્ષની ઉંમરના કુંવરને રાજતિલક કરીને તેઓ મુનિ થઈ ગયા. ચક્રવર્તીનું પ્રધાનપદું છોડીને હવે તેઓ તીર્થંકર ભગવાનના પ્રધાન બન્યા.

ઘોડેસવાર પાસેથી આ વાત સાંભળતાં જ બધા રાજકુમારો આશ્ચર્ય પામ્યા; 'અહો, એમનું જીવન ધન્ય છે' એમ કહીને તેમને નમસ્કાર કર્યા. બધા રાજકુમારો પોતપોતાના મનમાં દીક્ષા લેવાનો વિચાર કરવા લાગ્યા, અને તે માટે તેઓ ભગવાન ઋષભદેવના સમવસરણ તરફ જવા લાગ્યા.




ચાલો દાદાને દરબાર....ચાલો પ્રભુના દરબાર....
પ્રભુની વાણી સાંભળશું...મુનિદશાને ધારશું....
રત્નત્રયને પામશું ને કેવળજ્ઞાન પ્રગટાવશું....
સંસારમાંથી છૂટશું ને સિદ્ધપદને પામશું....
ચાલો દાદાને દરબાર, ચાલો પ્રભુના દરબાર....

એ પ્રમાણે ગાતાં ગાતાં ૧૦૦ રાજકુમારો દીક્ષા લેવા માટે ઋષભદાદાના દરબારમાં પહોંચ્યા, અને પ્રભુજી પાસે દીક્ષા લઈને મુનિ થયા. એ સો રાજકુમારોની દીક્ષાનો પ્રસંગ એવો અદ્‌ભુત છે કે જે સાંભળતાં આત્માર્થી જીવોને વૈરાગ્યભાવનાઓ

જાગે છે. દીક્ષા પછી તે બધા નાનકડા મુનિવરો આત્મધ્યાનમાં લીન થયા. કેટલાક વખત સુધી આત્મધ્યાનનો અભ્યાસ કરીને તેઓએ કેવળજ્ઞાન પ્રગટ કર્યું, અને તે બધા મુક્ત થયા. ભગવાન થયા.

બંધુઓ, જીવ-અજીવની સાચી ઓળખાણપૂર્વકના વૈરાગ્યનું આ ફળ છે; માટે તમે પણ જીવ–અજીવ વસ્તુને બરાબર સમજજો, અને તે વૈરાગી રાજકુમારો જેવું તમારું જીવન બનાવજો.



[ પાઠ ૭ ]




જિનકુમાર અને રાજકુમાર એ બંને મિત્રો હતા.

એક દિવસ સવારમાં જિનકુમાર જિનમંદિર તરફ અરિહંતદેવના દર્શન કરવા માટે જતો હતો, એવામાં સામેથી રાજકુમાર મળ્યો; તે ઘણા હર્ષથી ક્યાંક જતો હતો.

જિનકુમારે તેને પૂછ્યું : ભાઈ, આટલી બધી હોંશથી કઈ તરફ જાવ છો?

રાજે કહ્યું : અરે તમને ખબર નથી કે આપણી નગરીના રાજા પધાર્યા છે! હું રાજાને મળવા જાઉં છું.

જિનકુમારે કહ્યું : સારું ભાઈ; પણ તમે જિન ભગવાનનાં દર્શન કરી આવ્યા?

રાજ–ના ભાઈ; આજે તો મને ભગવાનનાં દર્શનનો વખત નહિ મળે.

જિનકુમાર—અરે, ખેદની વાત છે કે તમે ભગવાનના દર્શન પણ નથી કરતા.

રાજ–પરન્તુ આજે તો રાજાને મળવાનું છે, પછી આવો મોકો ક્યારે મળશે?

જિનકુમાર—જુઓ ભાઈ, શું તમે નથી જાણતા કે આપણા ભગવાન તો રાજાઓના પણ રાજા છે. ભરતચક્રવર્તી જેવા મહારાજા પણ જિનેશ્વરભગવાનનાં ચરણોમાં પોતાનું મસ્તક ઝુકાવે છે. તોપછી તમે રાજાને મળવાની ખાતર આવા વીતરાગ ભગવાનને ભૂલી રહ્યા છો,—એ કેવી વાત!

રાજકુમાર—ભાઈ, તો હું શું કરું?

જિનકુમાર—કોઈ પણ પરિસ્થિતિમાં ભગવાનનાં દર્શન છોડવાં ન જોઈએ; કેમકે આપણે જિનવરનાં સંતાન છીએ. આપણે દરરોજ દેવદર્શન, ગુરુસેવા અને શાસ્ત્રસ્વાધ્યાય કરવાં જોઈએ.

રાજ—તમારી વાત સાચી છે. મને સાચો રસ્તો બતાવવા માટે હું તમારો આભાર માનું છું; અને અત્યારે તમારી સાથે જ હું જિનમંદિરે આવું છું.



જિનકુમાર—બહુ સારું, ચાલો.

બંને મિત્રો મંદિરજી આવી પહોંચ્યા; મંદિરમાં આવીને ભગવાનનાં દર્શન કરતાં જ બંનેને ઘણો આનંદ થયો. ખૂબ ભક્તિપૂર્વક વંદના કરીને

નમસ્કાર-મંત્ર બોલ્યા. માથા પર ગંધોદક લગાવ્યું, અને તિલક પણ કર્યું.


રાજ—ચાલો મિત્ર, આપણે ભગવાનની એક સ્તુતિ બોલીએ.

જિનકુમાર—હા, જુઓ! સમન્તભદ્ર સ્વામીએ અર્હન્ત ભગવાનની બહુ સરસ સ્તુતિ કરી છે, તેમાં કહ્યું છે કે—

હે દેવ! આપ મોક્ષમાર્ગના નેતા છો;
આપ કર્મરૂપી પહાડના ભેત્તા છો;
આપ સમસ્ત તત્ત્વોના જ્ઞાતા છો;
તેથી આપના જેવા ગુણોની પ્રાપ્તિ માટે

હું આપને વંદન કરું છું.

રાજ—વાહ, ઘણી સરસ સ્તુતિ છે. ભગવાનને વંદન કરતાં પોતે પણ ભગવાન થવાની ભાવના ભાવી છે. આ સ્તુતિ હું મોઢે કરવા માંગું છું.



જિનકુમાર—હા, જરૂર કરવી જોઈએ; સાંભળો, એનો મૂળ શ્લોક હું બોલું છું—

मोक्षमार्गस्य नेतारं भेत्तारं कर्मभूभृताम् ।
ज्ञातारं विश्वतत्त्वानां वन्दे तद्गुणलब्धये ।।

રાજ—વાહ! સાંભળો, હવે હું તેનું ગુજરાતી બોલું છું—

પ્રભુ! મોક્ષમાર્ગના નાયક છો, તમે કર્મગિરિના ભેદક છો;
વિશ્વ તત્ત્વના જ્ઞાયક છો પ્રભુ, તમે જ વંદન લાયક છો.
આપ જેવા ગુણ છે પ્રભુ મુજમાં, એ ગુણને હું ઝંખું છું,
નિજગુણ-પ્રાપ્તિ કરવા જિનજી! ફરી ફરી તમને વંદું છું.

બંને મિત્રોએ વિનયપૂર્વક બીજી પણ અનેક સ્તુતિ કરી. પછી હાથમાં ચોખા-બદામ વગેરે અર્ઘ લઈને પ્રભુનું પૂજન કર્યું—

જલ પરમ ઉજ્જ્વલ ગંધ અક્ષત પુષ્પ ચરુ દીપક ધરૂં,
વર ધૂપ નિર્મલ ફલ વિવિધ બહુ જનમકે પાતક હરૂં;
ઈહ ભાંતિ અર્ઘ ચઢાય નિત ભવિ કરત શિવપંકતિ મચૂં,
અરિહંત, શ્રુત-સિદ્ધાંત, ગુરુ-નિરગ્રંથ નિત પૂજા રચૂં.

વસુવિધિ અર્ઘ મિલાય કે અતિ ઉત્સાહ મન કીન,
જાસોં પૂજોં પરમ પદ દેવ-શાસ્ત્ર-ગુરુ તીન.

[ૐ હ્રીં....ભગવાનશ્રી જિનેન્દ્રદેવ-શાસ્ત્ર-ગુરુ પૂજનાર્થે અર્ઘં નિર્વપામીતિ...સ્વાહા.]

–એ પ્રમાણે પૂજન કર્યા પછી પ્રભુજી–સન્મુખ શાંતિથી બેસીને થોડીવાર સુધી જિનગુણોનું ચિંતન કર્યું, અને અમારો

આત્મા જિનેન્દ્ર ભગવાન જેવો જ છે એમ વિચાર કર્યો. પછી ભગવાનને નમસ્કાર કરીને બંને મિત્રો ઘર તરફ ચાલ્યા.

રસ્તામાં રાજકુમારે જિનકુમારને કહ્યું : ભાઈ, આજે તમારી સાથે ભગવાનનાં દર્શન-પૂજન કરવાથી મને ઘણો જ હર્ષ થયો, અને હવે તો હું દરરોજ ભગવાનનાં દર્શન કરવા માટે જરૂર આવીશ.

* * *

ઘરે ગયા પછી બંને મિત્રો રાજા પાસે ગયા; તેમને મોડું થયું, તેથી રાજાએ પ્રેમપૂર્વક પૂછ્યું–ભૈયા! કેમ મોડું થયું?

રાજકુમારે વિનયથી કહ્યું—મહારાજ, ક્ષમા કરો. અમે તો ભગવાન જિનેન્દ્રદેવનાં દર્શન કરવા ગયા હતા; ત્યાં મારા આ મિત્રની સાથે ભગવાનનાં દર્શન-પૂજન કરવાથી મને બહુ જ આનંદ થયો. આ કારણે આપની પાસે આવતા વાર લાગી.

રાજાએ ખુશ થઈને કહ્યું : બાળકો, તમે ઘણું ઉત્તમ કામ કર્યું છે; અરિહંત ભગવાન જ જગતનાં સાચા રાજા છે. રાજાઓના પણ તે રાજા છે. ચક્રવર્તી જેવા મોટા રાજા પણ પ્રભુના ચરણની પૂજા કરે છે. માટે આપણે સૌથી પહેલાં તેમનાં દર્શન કરવા જોઈએ. તમારા કાર્યથી પ્રસન્ન થઈ હું તમને આ સુવર્ણહાર ભેટ આપું છું.



જિનકુમાર—મહારાજ, આપની ઘણી કૃપા છે; પરંતુ અમારી એવી ભાવના છે કે, આ સુવર્ણહાર અમને દેવાને બદલે તેનો સુવર્ણકળશ કરાવીને આપના હસ્તે જિનમંદિર ઉપર ચડાવો, તો અમને વિશેષ આનંદ થશે.

રાજાએ તે વાતનો સ્વીકાર કર્યો. અને કહ્યું કે બાળકો! જે રાજ્યમાં તમારા જેવા ધર્મપ્રેમી બાળકો વસે છે તે રાજ્યને ધન્ય છે. કાલે જ્યારે તમે જિનમંદિરે જશો ત્યારે હું પણ તમારી સાથે આવીશ....ને મંદિર ઉપર સુવર્ણકળશ ચડાવીશ.

બંને મિત્રો ઘણા ખુશી થયા; બીજા સાધર્મીઓને પણ આ વાત કરી અને બધાએ તે સાંભળીને આનંદપૂર્વક ભગવાનના જયનાદથી ગગનને ગજાવી દીધું.—

બોલિયે....જિનેન્દ્ર ભગવાનકી....જય હો

સહજ ચિદાનંદ.

## —ભગવાનના દર્શન વખતે બોલવાની કેટલીક સ્તુતિ—

અર્હન્તો ભગવંત ઈન્દ્રમહિતા; સિદ્ધાશ્ચ સિદ્ધીશ્વરાઃ
આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ પૂજ્યા ઉપાધ્યાયકાઃ
શ્રી સિદ્ધાન્તસુપાઠકાઃ મુનિવરા રત્નત્રયારાધકાઃ
પંચૈતે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં કુર્વન્તુ વો મંગલં.

તુભ્યં નમઃ ત્રિભુવનાર્તિહરાય નાથ.
તુભ્યં નમઃ ક્ષિતિતલામલ ભૂષણાય.
તુભ્યં નમઃ ત્રિજગતઃ પરમેશ્વરાય.
તુભ્યં નમઃ જિન! ભવોદધિ શોષણાય.

તીર્થંકરો જગતના જયવંત વર્તો.
ૐકારનાદ જિનનો જયવંત વર્તો.
જિનના સમોસરણ સૌ જયવંત વર્તો.
ને તીર્થ ચાર જગમાં જયવંત વર્તો.

[ પાઠ ૮ ]

# જૈનોનું જીવન કેવું હોય?

## ❀ સદાચારથી સુશોભિત જીવન ❀




અમારા ગામમાં પાઠશાળા ચાલે છે. અમારા ગુરુજી અમને ધર્મની સારી શિખામણ આપે છે. એકવાર મહાવીર-જયંતિના દિવસે ગુરુજીએ નીચે મુજબની શિખામણ આપી, તે સાંભળીને સૌ ખુશી થયા—

બાળકો, આપણે આપણું જીવન ઘણું ઊંચું બનાવવું જોઈએ, કેમકે આપણે જૈન છીએ, આપણો ધર્મ ઘણો મહાન છે; આપણા ભગવાને ધર્મનો ઘણો ઊંચો ઉપદેશ દીધો છે.

✍ આપણે બધા જીવો સાથે પ્રેમથી રહેવું જોઈએ. ખાસ કરીને આપણા સાધર્મી ભાઈ-બહેનો પ્રત્યે ઘણું વાત્સલ્ય રાખવું જોઈએ, તેમને કોઈ જાતનું દુઃખ હોય તો તે દૂર કરીને ધર્મનો ઉત્સાહ દેવો જોઈએ અને તેમને દરેક પ્રકારની સુવિધા આપવી જોઈએ.

✍ કોઈપણ જીવને દુઃખ દેવાનો ભાવ ન કરવો જોઈએ.

✍ અસત્ય બોલવું તે પણ પાપ છે, અને તે આપણા જીવનને મલિન કરે છે, માટે અસત્યથી પણ દૂર રહેવું જોઈએ.

✍ એ જ પ્રમાણે ચોરી, ખરાબ વર્તન અને તીવ્ર મમતા, એ બધાં પાપોથી પણ બચવું જોઈએ; કેમકે પાપ કરવાથી જીવ ઘણો દુઃખી થાય છે.

✍ જેમાં માંસ કે ઈંડા હોય, જેમાં દારૂ હોય, જેમાં મધ હોય અને જેમાં કોઈ જીવજંતુ હોય, એવી કોઈપણ વસ્તુ ખાવી ન જોઈએ. તેને અડવું પણ ન જોઈએ, અને તે ખાનારાનો સંગ પણ ન કરવો જોઈએ. સારા સાર મિત્રોનો સંગ કરવો જોઈએ, અને દરરોજ તેની સાથે જિનેન્દ્ર-ભગવાનનાં દર્શન કરવાં જોઈએ. કોઈવાર તીર્થયાત્રા પણ કરવી જોઈએ.

✍ આપણે જ્યારે આપણા મિત્રોને મળીએ ત્યારે હાથ જોડીને 'जयजिनेन्द्र' કહેવું જોઈએ, અને વડીલોને ''यथायोग्य विनय'' કહેવું જોઈએ.

ભરતચક્રવર્તીના નાનકડા રાજકુમારો બધા આવું જીવન જીવતા હતા; તેઓ ધર્મનો અભ્યાસ કરતા હતા, કોઈપણ અભક્ષ્ય વસ્તુ ખાતા ન હતા; તેઓ કદી રાત્રે ખાતા ન હતા ને અળગણ પાણી પીતા ન હતા; તેઓ દેહથી ભિન્ન આત્માને ઓળખતા હતા; બંધુઓ, આપણે પણ તેમના જેવા થવું છે તેથી આપણે પણ એમ કરીશું. એમ કરવાથી આપણું જીવન ઊંચું બનશે; અને ઊંચું જીવન તે જ સુખી જીવન છે.


ઊંચું જીવન બનાવવા માટે આ નાની-નાની દશ લીટી તમને કહું છું, તમને તે બહુ ગમશે; તમે બધા સાથે મળીને હોંશથી તે ગાઓ, અને મોઢે કરો :—

(૧) હું જિનવરનો સંતાન છું.
(૨) હું જીવન અહિંસક જીવું છું.
(૩) હું દુઃખ ન કો'ને આપું છું.
(૪) હું કદી અભક્ષ ન ચાખું છું.
(૫) હું નિત-નિત મંદિર જાઉં છું.
(૬) હું જિનદર્શનથી હરખું છું.
(૭) હું સાધર્મીને ચાહું છું.
(૮) હું ધર્મ સદા અભ્યાસુ છું.
(૯) હું વીરને મારગ ચાલું છું.
(૧૦) હું સિદ્ધપદ લેવા ચાહું છું.

તારું જીવન ખરું તારું જીવન....
જીવી જાણ્યું નેમનાથે જીવન.
સૂતાં કે જાગતાં ઊઠતાં બેસતાં,
હૈડે રહે પ્રભુ તારું રટણ....
તારું જીવન ખરું તારું જીવન.

[ પાઠ ૯ ]

# ચાર ગતિ અને મોક્ષ



આ જગતમાં અનંત-અનંત જીવ છે. દરેક જીવ જ્ઞાનસ્વરૂપ છે. તેમાં કોઈ સંસારી છે, કોઈ મુક્ત છે.

જે જીવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પૂર્ણ કરીને, અને આઠે કર્મોનો નાશ કરીને સિદ્ધ થયા તેમને મુક્ત કહેવાય છે; તેમને શરીર પણ હોતું નથી; તેઓ સદા મોક્ષગતિમાં રહે છે અને પરમ સુખી છે. ફરીને કદી સંસારમાં તેઓ અવતાર લેતા નથી.

જે જીવો મુક્ત નથી થયા તેઓ સંસારની ચારગતિમાં રહે છે—કોઈ મનુષ્યગતિમાં રહે છે, કોઈ નરકગતિમાં, કોઈ દેવગતિમાં અને અનંતા જીવો તિર્યંચગતિમાં રહે છે. આ પ્રમાણે સંસારી જીવ ચારે ગતિમાં ફરી ફરીને જન્મ-મરણ કરે છે. તે જન્મ-મરણનું મુખ્ય કારણ મિથ્યાત્વ છે, માટે તેને મહાપાપ જાણીને છોડવું જોઈએ.

સંસારમાં રખડતો જીવ નરકગતિમાં જઈ આવ્યો છે ને સ્વર્ગમાં પણ જઈ આવ્યો છે; તિર્યંચ પણ થયો છે ને મનુષ્ય પણ થયો છે. પણ આત્માનું મોક્ષપદ તે કદી પામ્યો નથી; માટે આ મનુષ્ય અવતારમાં મોક્ષનો ઉપાય કરવો જોઈએ.



(૧) ચારે ગતિમાં મનુષ્યગતિને સૌથી ઉત્તમ એટલા માટે માનવામાં આવી છે કે તેમાં જીવ પોતાના બધા ગુણો પ્રગટ કરીને ભગવાન થઈ શકે છે અને મોક્ષ પણ પામી શકે છે. માટે મનુષ્ય થઈને આપણે એવો જ પ્રયત્ન કરવો જોઈએ.



(૨) નરકગતિનું આયુષ્ય તો તેમને જ બંધાય છે કે જેઓ આત્માની સમજણ કરતા નથી, ધર્મનો પ્રેમ રાખતા નથી અને બહુ જ પાપોમાં પોતાનું જીવન ગુમાવે છે. એવા જીવો નરકમાં જઈને ત્યાં ઘણું દુઃખ પામે છે. ત્યાં વારંવાર તેમના શરીરને કાપે છે, બાળે છે; તેમને કદી ખાવાનો ખોરાક કે પીવાનું પાણી મળતું નથી. નરકમાં બહુ દુઃખ છે; માટે હે બાળકો! પાપ કદી કરવું નહીં. જો નરકમાં પણ કોઈ જીવ આત્મ-વિચાર કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરે તો તેને ત્યાં પણ એટલી આત્મશાંતિ મળી શકે છે.



(૩) ત્રીજી દેવગતિ છે. પુણ્ય કરનારા જીવો દેવ થઈને સ્વર્ગમાં જાય છે. સ્વર્ગમાં સુખ છે—એમ કહેવાય છે, પરંતુ બંધુઓ! એક વાત ધ્યાનમાં રાખજો કે જો આત્મજ્ઞાન ન હોય તો સ્વર્ગમાં પણ સાચું સુખ મળતું નથી. સ્વર્ગમાં પણ તે જ જીવો સુખી છે કે જેમણે આત્માને ઓળખ્યો છે. આત્મજ્ઞાન વગર તો સ્વર્ગના દેવો પણ દુઃખી છે. સ્વર્ગ દ્વારા મોક્ષમાં નથી જવાતું, પરંતુ મનુષ્ય થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દ્વારા જ આપણે મોક્ષમાં જઈ શકીએ છીએ.



(૪) તિર્યંચગતિમાં અનંતા જીવો છે; પણ તેમનામાં મોટો ભાગ તો એવો છે કે જેમને કાંઈ વિચારશક્તિ જ નથી. એક ઈન્દ્રિયવાળા, બેઈન્દ્રિયવાળા, ચારઈન્દ્રિયવાળા અને મન વગરના પાંચ ઈન્દ્રિયવાળા—એ બધા અસંજ્ઞી જીવોને તો એટલું ઓછું જ્ઞાન છે કે તેઓ કાંઈ વિચાર કરી શકતા નથી. વિચાર કરનારા (સંજ્ઞી) પંચેન્દ્રિય જીવો ઘણા થોડા છે. આ તિર્યંચગતિમાં પણ બહુ દુઃખ છે. કીડા-કૂતરા-ઉંદર-બળદ-ઘોડા-વાંદરાં-હરણ-માછલાં-દેડકાં વગેરે તિર્યંચોને જે દુઃખ થાય છે તે તો આપણે નજરે જોઈએ છીએ. ઘણા માયાચાર ને છલકપટ

કરવાથી, કે અતિશય લોભ કરવાથી તિર્યંચગતિમાં જવું પડે છે. માટે લોભ કે માયાચાર કરવો ન જોઈએ. તિર્યંચમાં પણ કોઈ જીવ ધર્મોપદેશ પામીને આત્મજ્ઞાન કરી લ્યે છે તો તેનું પણ આત્માનું થોડુંક સુખ મળી જાય છે; અને પછી થોડાક ભવમાં તે સંસારથી છૂટીને મોક્ષ પામે છે. મહાવીર પ્રભુનો જીવ જ્યારે તિર્યંચગતિમાં હતો ત્યારે આત્મજ્ઞાન પામ્યો હતો ને પછી ભગવાન થયો.



(૫) ચારગતિથી જુદી એવી પાંચમી ગતિ તે મોક્ષગતિ છે. મોક્ષ પામેલા જીવ સદાકાળ પોતાના શુદ્ધ સ્વરૂપમાં રહે છે ને સુખી જીવન જીવે છે.

આપણે ચાર ગતિનાં દુઃખથી છૂટવું હોય, ને મોક્ષસુખ પામવું હોય તો આત્મજ્ઞાન કરવું જોઈએ. આત્મજ્ઞાન વિના ચારગતિમાં રખડવું પડે છે. આત્મજ્ઞાન કરવાથી જરૂર મોક્ષ મળે છે.





[ પાઠ ૧૦ ]

# મારો જૈનધર્મ

(જૈન બાળકોનું ધર્મગીત)

ધર્મ મારો ધર્મ મારો ધર્મ મારો રે....
પ્યારો પ્યારો લાગે જૈનધર્મ ધર્મ મારો રે....૧.

ૠષભ થયા વીર થયા, ધર્મ મારો રે,
બલવાન બાહુબલી સેવે, ધર્મ મારો રે....૨.

ભરત થયા, રામ થયા, ધર્મ મારો રે,
કુંદકુંદ જેવા સંત થયા ધર્મ મારો રે....૩.

સીતા–ચંદના–અંજના થયા, ધર્મ મારો રે,
બ્રાહ્મી–રાજુલ–માત શોભાવે ધર્મ મારો રે....૪.

સિંહ સેવે વાઘ સેવે ધર્મ મારો રે,
હાથી વાનર સર્પ સેવે ધર્મ મારો રે....૫.

આતમાનું જ્ઞાન આપે ધર્મ મારો રે,
રત્નત્રયનાં દાન આપે ધર્મ મારો રે....૬.


સમકિત જેનું મૂળ છે એ ધર્મ મારો રે,
મને સુખ આપે મોક્ષ આપે ધર્મ મારો રે....૭.

ધર્મ મારો ધર્મ મારો ધર્મ મારો રે,
પ્યારો લાગે વ્હાલો લાગે ધર્મ મારો રે....૮.

[પાઠશાળાઓમાં તેમજ ભગવાનની રથયાત્રા વગેરે
પ્રસંગોમાં આ ગીત ગવાય છે.]

[ પાઠ ૧૧ ]

# મોક્ષનો માર્ગ



[હવે પછી પ્રગટ થનાર પહેલી ચોપડીના એક પાઠની રૂપરેખા]

એક વાર એક મુમુક્ષુ જીવને વિચાર આવ્યો કે અરે! આ સંસારમાં અનાદિથી હું દુઃખી છું; તે દુઃખ ટાળીને આત્માનું હિત અને સુખ મારે પ્રાપ્ત કરવું છે. તે હિત કઈ રીતે થાય?

આમ વિચારીને તે જીવ વનમાં ગયો; વનમાં ઘણા મુનિવરો આત્માના ધ્યાનમાં બિરાજતા હતા. તેઓ અત્યંત શાંત હતા. અહા! એમની શાંત મુદ્રા મોક્ષનો માર્ગ જ દેખાડતી હતી.

મુમુક્ષુ જીવે તેમને વંદન કરીને ઘણા જ વિનયપૂર્વક પૂછ્યું—પ્રભો! આત્માના હિતનો ઉપાય શું છે? મોક્ષનો માર્ગ શું છે?


આચાર્ય મહારાજે કૃપાપૂર્વક કહ્યું : હે ભવ્ય!

**सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः ।**

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે.

મુનિરાજના શ્રીમુખથી આવો મોક્ષમાર્ગ સાંભળીને તે મુમુક્ષુ ઘણો ખુશી થયો, ને ભક્તિપૂર્વક તે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની આરાધના કરવા માટે તૈયાર થયો.

બંધુઓ! આપણે પણ તે મુમુક્ષુની જેમ મોક્ષમાર્ગને ઓળખવો જોઈએ, ને તેની આરાધના કરવી જોઈએ. તે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રના પાઠ બાળપોથીમાં તમે વાંચ્યા હશે. તેની વધુ સમજણ હવે પછી આપશું.



[ પાઠ ૧૨ ]

## મહાવીરપ્રભુનાં સૌ સંતાન છે તૈયાર છે તૈયાર

(જૈન બાળકોનું કૂચગીત)

મહાવીર પ્રભુનાં સૌ સંતાન.... છે તૈયાર છે તૈયાર.
જિનશાસનની સેવા કરવા, છે તૈયાર છે તૈયાર.
સિદ્ધ પદનું સ્વરાજ લેવા, છે તૈયાર છે તૈયાર.
અરિહંત પ્રભુની સેવા કરવા, છે તૈયાર છે તૈયાર.
જ્ઞાની ગુરુની સેવા કરવા, છે તૈયાર છે તૈયાર.
તીર્થધામની યાત્રા કરવા, છે તૈયાર છે તૈયાર.
જૈનધરમના શાસ્ત્રો ભણવા, છે તૈયાર છે તૈયાર.
શાસન માટે જીવન દેવા.... છે તૈયાર છે તૈયાર.
સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા, છે તૈયાર છે તૈયાર.
સમ્યગ્જ્ઞાનની જ્યોત જગાવવા... છે તૈયાર છે તૈયાર.
સાધુદશાનું સેવન કરવા, છે તૈયાર છે તૈયાર.
મોહશત્રુને જીતી લેવા.... છે તૈયાર છે તૈયાર.
વીતરાગી નિર્મોહી થાવા.... છે તૈયાર છે તૈયાર.
આતમ ધ્યાનની ધૂન મચાવા.... છે તૈયાર છે તૈયાર.
જ્ઞાયકનો પુરુષાર્થ કરવા.... છે તૈયાર છે તૈયાર.
વીરના માર્ગે દોડી જાવા.... છે તૈયાર છે તૈયાર.

મોક્ષના દરવાજા ખોલવા.... છે તૈયાર છે તૈયાર.<br>
સંસારસાગર પાર ઉતરવા, છે તૈયાર છે તૈયાર.<br>
સિદ્ધપ્રભુની સાથે રહેવા, છે તૈયાર છે તૈયાર.

[આપણે સૌ વીરપ્રભુનાં સંતાન છીએ; વીર પ્રભુનાં સંતાન કેવા–કેવા ઉત્તમ કાર્યો કરવા માટે તૈયાર હોય, તે આ કૂચગીતમાં બતાવ્યું છે. દરેક બાળકોને ઉત્સાહ પ્રેરે એવું આ કૂચગીત સૌને ગમશે. રથયાત્રા પ્રભાતફેરી વગેરે પ્રસંગે આ ગીત ગાઈ શકાય.]



# જૈન બાળપોથી (બીજો ભાગ) : પરીક્ષાનાં ૧૦૧ પ્રશ્નો

આ પુસ્તકના દોહનરૂપે અહીં એકસો એક પ્રશ્નો આપ્યાં છે; વિદ્યાર્થી પાસે તેના જવાબ શોધાવવા; કદાચ ન આવડે તો પુસ્તકમાં જોઈને પણ તેની પાસે શોધાવવા. બાળકોને પણ પરસ્પર એકબીજા સાથે આ પ્રશ્નોત્તરી કરાવવી. પ્રશ્નોત્તર દ્વારા શીખતાં બાળકોને ઉત્તેજન મળશે તથા તેની સમજણ વધુ દૃઢ થશે. દરેક પાઠમાંથી દશેક પ્રશ્નો અહીં ક્રમસર રજૂ કર્યા છે.

—બ્ર. હ. જૈન

૧. જૈન બાળપોથીનો પહેલો ભાગ તમે વાંચ્યો છે?
૨. તમે કોણ છો?
૩. તમારા દેવ કોણ છે?
૪. અરિહંતદેવ કેવા છે?
૫. તે આપણને શું દેખાડે છે?
૬. મુક્તિમાર્ગ કેવો છે?
૭. તમે કોના જેવા છો?
૮. અરિહંત થવા માટે શું જાણવું?
૯. પંચપરમેષ્ઠીને વંદનનું કાવ્ય બોલો.
૧૦. પંચપરમેષ્ઠી એટલે કોણ?
૧૧. તમને શું થવાનું ગમે?
૧૨. રાજા થવું સારું કે ભગવાન થવું સારું?
૧૩. પંચપરમેષ્ઠી શેનાથી થવાય?

૧૪. પંચપરમેષ્ઠી શેનો ઉપદેશ આપે છે?
૧૫. આપણને બહુ વહાલા છે તે કોણ?
૧૬. શુદ્ધ નમસ્કાર-મંત્ર બોલો.
૧૭. તમે સવાર-સાંજ કઈ સ્તુતિ કરો છો?
૧૮. એક માતાને ત્રણ પુત્રો, તેમનાં નામ શું?
૧૯. ચાર મંગલ છે, તે કોણ?
૨૦. લોકમાં ઉત્તમ ચાર વસ્તુ કઈ?
૨૧. જીવને શરણરૂપ કોણ?
૨૨. જીવ શું કરે તો મંગળ થાય?
૨૩. चत्तारि मंगलंનો પાઠ બોલો.
૨૪. તીર્થંકર કોને કહેવાય?
૨૫. ભરત ચક્રવર્તી કોના પુત્ર?
૨૬. ઋષભદેવ ક્યાં જન્મ્યા?
૨૭. અયોધ્યા આપણું તીર્થ છે, તે શા માટે?
૨૮. રાજગૃહીમાં વિપુલાચલ પર ધર્મનો ઉપદેશ કોણે દીધો?
૨૯. તીર્થંકર ભગવંતોએ શેનો માર્ગ બતાવ્યો?
૩૦. મોક્ષનો માર્ગ શું છે?
૩૧. જૈનધર્મ એટલે શું?
૩૨. રાગને જૈનધર્મ કહેવાય, કે વીતરાગભાવને?
૩૩. ચોવીસ તીર્થંકરના નામ બોલો.
૩૪. ચોવીસ ભગવાનની મૂર્તિ ક્યાં છે?
૩૫. ઋષભદેવ, અભિનંદન, શાંતિનાથ ને પાર્શ્વનાથ પ્રભુનાં ચિહ્ન શોધી કાઢો.
૩૬. ચંદ્ર, કલ્પવૃક્ષ, ગેંડો અને સિંહ તે ચિહ્નથી ક્યા ભગવાન ઓળખાય?

૩૭. આપણા તીર્થંકરોનું જીવન કેવું છે?

૩૮. ઊંચું જીવન કેવું હોય?

૩૯. તમે કોઈ તીર્થંકરનું જીવનચરિત્ર વાંચ્યું છે?

૪૦ આત્મા ક્યા લક્ષણથી જણાય?

૪૧. તીર્થંકર ભગવાનને બતાવેલો ધર્મ આજે પણ આપણને કોણ સમજાવે છે?

૪૨. ૨૪ તીર્થંકરો ક્યાં દેશમાં જન્મ્યા?

૪૩. ઋષભદેવનો આત્મા સમ્યક્ત્વ ક્યારે પામ્યો?

૪૪. ઋષભદેવના જીવે આઠમા ભવે મુનિને આહારદાન દીધું તે દેખીને ચાર તિર્યંચ ખુશી થયા, તે કોણ?

૪૫. ઋષભદેવ વૈરાગ્ય ક્યારે પામ્યા?

૪૬. તેમને કેવળજ્ઞાન ક્યાં થયું?

૪૭. વર્ષીતપ એટલે શું? તે કોણે કર્યો?

૪૮. વર્ષીતપનું પારણું કોણે કરાવ્યું?

૪૯. ભરતક્ષેત્રમં મોક્ષના દરવાજા કોણે ખોલ્યા?

૫૦. ઋષભદેવ ક્યાંથી મોક્ષ પામ્યા?

૫૧. ભરતચક્રવર્તીના ૧૦૦ રાજકુમારો ગેડી–દડો રમતાં રમતાં શું વિચાર કરતા હતા?

૫૨. ગેડી–દડાની રમતમાં મજા પડે તે સાચું સુખ છે? કે રાગ છે?

૫૩. જડમાં સુખ હોય?

૫૪. સુખ કોનામાં હોય?

૫૫. જગતમાં બે પ્રકારની વસ્તુ છે તે કઈ?

૫૬. જીવ કોને કહેવાય?

૫૭. અજીવ કોને કહેવાય?

૫૮. અજીવ વસ્તુમાં ગુણ હોય?

૫૯. વસ્તુ કોને કહેવાય?

૬૦. સો રાજકુમારોને ઘોડેસવારે શું સમાચાર આપ્યા?

૬૧. ઋષભદેવ ભગવાનની પ્રાર્થના બોલો.
(જેણે કીધી સકલ જનતા....)

૬૨. જીવ સંસારમાં કેમ રખડે છે?

૬૩. જીવ-અજીવની ઓળખાણથી શું થાય?

૬૪. ઘોડેસવાર પાસેથી જયકુમારની દીક્ષાના સમાચાર સાંભળી રાજકુમારોએ શું કર્યું?

૬૫. ઋષભદેવના દરબારમાં ગયા ત્યારે રાજકુમારો શું ગાતા હતાં?
(ચાલો દાદાને દરબાર......)

૬૬. જિનકુમાર અને રાજકુમારની વાર્તામાંથી તમે શું બોધ પામ્યા?

૬૭. ચક્રવર્તી રાજા કરતાં પણ કોણ મોટું?

૬૮. ભગવાનની પૂજાનું પદ બોલો.

૬૯. અર્ઘ એટલે શું?

૭૦. અર્ઘમાં કઈ ૮ વસ્તુ હોય?

૭૧. ગંધોદક એટલે શું?

૭૨. मोक्षमार्गस्य नेतारं–એ સ્તુતિ બોલો.

૭૩. તે સ્તુતિ કોણે બનાવી?

૭૪. મોક્ષમાર્ગના નેતા કોણ છે?

૭૫. આપણે ભગવાનને વંદન શા માટે કરીએ છીએ?

૭૬. રાજા પાસે જવામાં રાજકુમારને મોડું કેમ થયું?

૭૭. રાજાએ તેને કાંઈ શિક્ષા કરી?

૭૮. રાજાએ કુમારોને શું ઈનામ આપ્યું?

૭૯. કુમારોએ તે ઈનામનું શું કર્યું?

૮૦. તમારા ગામમાં રાજા અને ભગવાન આવે તો તમે પહેલાં કોની પાસે જશો?

૮૧. સાધર્મી પ્રત્યે આપણે શું કરવું જોઈએ?

૮૨. કેવાં કાર્યોથી દૂર રહેવું જોઈએ?

૮૩. હું જિનવરનો સંતાન છું—એ દશ લીટી બોલો.

૮૪. ચાર ગતિ કઈ?

૮૫. ચાર ગતિ સિવાયની પાંચમી ગતિ કઈ?

૮૬. કઈ ગતિમાંથી મોક્ષ પમાય?

૮૭. ચાર ગતિમાંથી મનુષ્યગતિ ઉત્તમ કેમ છે?

૮૮. મનુષ્ય થઈને શું કરીએ તો મોક્ષ થાય?

૮૯. મોક્ષસુખ પામવા શું કરવું?

૯૦. આપણા જૈનધર્મમાં ક્યા મહાપુરુષો થયા?

૯૧. જૈનધર્મ શું આપે છે?

૯૨. જૈનધર્મનું મૂળ શું છે?

૯૩. તમારો પ્યારો ધર્મ ક્યો?

૯૪. જૈનધર્મના ગીતની ચાર લાઈન બોલો.

૯૫. મુમુક્ષુ જીવને શેની ભાવના જાગી?

૯૬. મુમુક્ષુએ વનમાં જઈને મોક્ષનો માર્ગ કોને પૂછ્‌યો?

૯૭. મુનિરાજે મોક્ષનો માર્ગ શું કહ્યો?

૯૮. આપણે કોના સંતાન છીએ?

૯૯. વીરપ્રભુના સંતાન કેવા ઉત્તમ કાર્યો કરવા માટે તૈયાર છે? તેની બે લાઈન બોલો.

૧૦૦. જૈનધર્મ આબાદ કરવા શું કરીશું?

૧૦૧. જૈનધર્મની આ બાળપોથી તમને ગમી?


અનુભૂતિ તીર્થ મહાન, સ્વર્ણપુરી સોહે
યહ કહાનગુરુ વરદાન, મંગલ મુક્તિ મિલે.